# કોરોનાના વળતા પાણી : નવા ૫૬ કેસ

**જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં માં ૨૫ શહેરમાં ૩૧ નવા કેસ નોંધાયા : ગાંધીનગરમાં ૫, દહેગામમાં ૧૧, કલોલમાં ૩, માણસામાં ૬ કેસ નોંધાયા : શહેરમાં કુડાસણમાં ૬, વાવોલ-સરગાસણમાં ૩-૩, સે. ૩ અને ૩૦ માં ૨-૨ કેસ નોંધાયા**

ગાંધીનગર, તા. ૨૪

ગાંધીનગર જિલ્લામાં કોરોનાના નવા ૫૬ કેસ જ નોંધાયા છે. કોરોનાનું સંક્રમણ ઘટ્યુ છે અને રિકવરી રેટ ૮૩ ટકાથી પણ ઉપર જતાં તંત્રએ રાહત અનુભવી છે. જિલ્લામાં આજે શહેરમાં ૩૧ કેસ તો ગ્રામ્ય વિસ્તારમાં ૨૫ કેસ નોંધાયા છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે નોંધાયેલા કેસોમાં દહેગામમાં ૧૧ કેસ, ગાંધીનગરમાં ૫ કેસ, કલોલમાં ૩ કેસ અને માણસામાં ૬ કેસનો સમાવેશ થાય છે.

જિલ્લામાં આજે નોંધાયેલા કેસોમાંથી બે દર્દીને સઘન સારવારની જરૂર જણાતાં હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. આજે નોંધાયેલા કેસોમાં ૪ ખેડૂત, ૫ મહિલા દર્દી, ૩ વિદ્યાર્થીનો સમાવેશ થાય છે. જિલ્લામાં આજે યુવા અને આધેડ વય ધરાવતા લોકો સંક્રમિતોની યાદીમાં છે.

દહેગામ તાલુકામાં આજે નોંધાયેલા ૧૧ કેસમાં દહેગામ અર્બનમાંથી ૩ કેસ તેમજ હિલોલ, કે. વાસણા, ઝાલાના મુવાડા, છોગારી બારિઆ, દેવ. મુવાડા, હરસોલી, લવાડ, સાણોદામાંથી કેસ મળી આવેલ છે.

ગાંધીનગર તાલુકામાં નોંધાયેલા ૫ કેસમાંથી છાલામાં ૨ કેસ તેમજ લેકાવાડા, પિંડારડામાંથી કેસ મળી આવેલ છે.

કલોલ તાલુકામાં આજે ૩ કેસ નોંધાયા છે. જેમાં પાનસર ખાતે ૨ કેસ તેમજ ખાત્રજ ગામેથી એક કેસ મળેલ છે.

માણસા તાલુકામાંથી આજે ૬ કેસ મળી આવેલ છે. જેમાં માણસા અર્બનમાંથી ૩ કેસ તેમજ પુંધરા, આનંદપુરા અને દેલવાડા ગામેથી એક-એક કેસ મળી આવેલ છે.

જિલ્લામાં રિકવરી રેટમાં સારો સુધારો થયાનો દાવો કરતાં તંત્રના સૂત્રોએ જણાવ્યુ છે કે આજે વધુ ૬૧ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. આ સાથે જિલ્લામાં અત્યાર સુધીમાં ૯૦૧૩ દર્દીઓ કોરોનામુક્ત થયા છે.

ગાંધીનગર શહેરમાં આજે ૩૧ નવા કેસ કોરોનાના મળી આવ્યા છે. શહેરમાં સંક્રમણ ઘટ્યુ હોવાથી તંત્રએ હવે રાહતનો શ્વાસ લીધો છે.

ગાંધીનગર શહેરમાં સે. ૩ માં ૨, સે. ૩૦ માં ૨ તેમજ સે, ૨, ૫, ૮, ૧૨, ૧૪, ૧૬, ૨૨, ૨૮ માંથી કેસ મળી આવેલ છે.

શહેરમાં સમાવિષ્ટ ગ્રામ્ય અને અન્ય વિસ્તારોમાંથી આજે કુડાસણમાંથી ૬, રાંદેસણમાંથી ૨, સરગાસણ-વાવોલમાંથી ૩-૩ કેસ, તેમજ પેથાપુર, રાંધેજા, જીઈબી, ઈન્ફોસીટી, બોરીજમાંથી પણ કેસ મળી આવેલ છે.



વાદળછાયું વાતાવરણ : શહેરમાં દિવસભર વાદળછાયું વાતાવરણ રહ્યું હતું... વાદળોની આવનજાવનથી આકાશમાં ચહલપહલ અનુભવાતી હતી... હવામાન ખાતાની વર્તારા મુજબ એકાદ - બે દિવસમાં રાજ્યમાં હળવા વરસાદની શક્યતા દર્શાવાઈ છે ત્યારે સોમવારનું વાતાવરણ શક્યતાને સમર્થન આપી રહ્યું હોય એમ લાગતું હતું... ગાંધીનગરની હરિયાળી ઉપર વાદળોથી રચાતા આકારો નયનરમ્ય લાગતા હતા...

## શહેરમાં યુવાઓના વેક્સિનેશન માટે વધુ ૧૦ નવા કેન્દ્રો મંજૂર કરાયા

ગાંધીનગર, તા. ૨૪

ગાંધીનગર મહાનગરપાલિકા વિસ્તારમાં ૧૮+ યુવાઓનુ વધુ ને વધુ વેક્સિનેશન થાય તે માટે મનપાએ વધુ ૧૦ કેન્દ્રો શરૂ કરવાનો નિર્ણય કર્યો છે.

ગાંધીનગર શહેરમાં ૧૮+ યુવાઓ માટે હાલ ૧૦ કેન્દ્રો પર રસીકરણ ચાલુ જ છે પરંતુ વધતા જતા ધસારાને લઈ મનપાએ આ નિર્ણય કર્યો છે. ગાંધીનગર શહેરમાં આમ તો અત્યાર સુધીમાં ૧,૨૫,૦૦૦ થી વધુ લોકોને વેક્સિનેશન અભિયાનમાં આવરી લેવામાં આવ્યા છે.

જે ૧૦ નવા કેન્દ્રો શરૂ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે તેમાં સુઘડ કોમ્યુનીટી હોલ, કોબા પ્રા. શાળા, ઈન્દ્રો પ્રા. શાળા, બોરીજ જૈન દેરાસર, પેથાપુર સરકારી દવાખાનુ, સે. ૨૧ સરકારી દવાખાનુ, સે. ૨૭ સરકારી શાળા, પાલજ અર્બન હેલ્થ સેન્ટર, સે. ૨૪ અર્બન હેલ્થ સેન્ટર, પી.પી. યુનિટ સિવિલ હોસ્પિટલ સે. ૧૨ ને આ મંજૂરી આપવામાં આવી છે. ગાંધીનગર શહેરની હદ વધી હોવાથી નવા સમાવાયેલા ગ્રામ્ય વિસ્તારને પ્રાધાન્ય આપવામાં આવ્યુ છે. જરૂર પડ્યે આગામી દિવસોમાં વધુ કેન્દ્રો ખોલવામાં આવશે તેમ પણ મનપાના સૂત્રોએ જણાવ્યુ છે. શહેરમાં ૧૮+ યુવાઓના વેક્સિનેશન માટે અત્યાર સુધી ૧૦ કેન્દ્રો હતા હવે આ ૧૦ નવા કેન્દ્રો ઉમેરાયા છે. શહેરમાં હવે વેક્સિનેશનની કામગીરીને નવો વેગ મળશે તેવો વિશ્વાસ પણ આ સૂત્રોએ વ્યક્ત કર્યો છે.

## મહાત્મા મંદિર કોવિડ હોસ્પિટલના સંચાલન માટે ૮ અધિકારીઓની સમિતિ

ગાંધીનગર મહાત્મા મંદિર ખાતે બનાવવામાં આવેલ ૯૦૦ બેડની કોવિડ હોસ્પિટલના સંચાલન માટે એક સમિતિની રચના કરી છે. આ હોસ્પિટલમાં ૨૨૫ આઈસુયી બેડની સુવિધા છે. હોસ્પિટલના સંચાલન માટે ૮ ઉચ્ચ અધિકારીઓની સમિતિ બનાવવામાં આવી છે. આ સમિતિના ચેરમેન તરીકે આરોગ્ય કમિશનર પોતે રહેશે. જ્યારે વાઈસ ચેરમેન તરીકે જિલ્લા કલેક્ટર અને મ્યુનિ. કમિશનર ગાંધીનગર રહેશે. આ સમિતિના સભ્ય સચિવ તરીકે ગાંધીનગર સિવિલ હોસ્પિટલના સુપ્રિટેન્ડન્ટ રહેશે. સમિતિના અન્ય સભ્યોમાં રિજીયોનલ કમિશનર, મ્યુનિસિપાલીટી, પ્રાંત અધિકારી ગાંધીનગર, ડીન જીએમઈઆરએસ કોલેજ ગાંધીનગર અને એડી. સુપ્રિ. મહાત્મા મંદિર કોવિડ હોસ્પિટલ રહેશે.

ગાંધીનગરમાં કોવિડ હોસ્પિટલનું નિર્માણ ડીઆરડીઓ દ્વારા ટાટા ટ્રસ્ટના સૌજન્યથી કરવામાં આવ્યુ છે. કેન્દ્રીય ગૃહમંત્રીએ આ હોસ્પિટલના નિર્માણની જાહેરાત એક માસ પૂર્વે તેઓ ગાંધીનગર આવ્યા ત્યારે કરી હતી. હવે આ હોસ્પિટલનું નિર્માણ કાર્ય પૂર્ણ થયુ છે અને વહીવટીય પ્રક્રિયાઓ પણ તેના અંતિમ તબક્કામાં છે. એકાદ-બે દિવસમાં તેનુ વિધિવત્ લોકાર્પણ કરવામાં આવનાર છે.

## ગુજરાત કોરોનાકાળમાં સતત બીજા વર્ષે વિદેશી રોકાણ આકર્ષવામાં દેશમાં પ્રથમ

ગાંધીનગર, તા.૨૪

મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીના દીઘર્દ્રષ્ટિપૂર્ણ નેતૃત્વમાં ગુજરાત ઔદ્યોગિક રોકાણોમાં વર્ષ ૨૦૨૦-૨૧માં દેશના કુલ ફોરેન ડાયરેકટ ઈન્વેસ્ટમેન્ટ એફડીઆઈમાંથી ૩૭% એફડીઆઈ મેળવી સતત ચોથા વર્ષે દેશભરના રાજ્યોમાં ટોચ પર રહ્યું છે. કોરોના સંક્રમણની પ્રવર્તમાન સ્થિતિમાં પણ સતત બીજા વર્ષે ગુજરાતે મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીના દિશાદર્શનમાં દેશભરમાં સૌથી વધું એફ.ડી.આઈ. મેળવવાની આ સિદ્ધી પ્રાપ્ત કરી છે.

આ નાણાકિય વર્ષ ૨૦૨૦-૨૧ દરમ્યાન ગુજરાતમાં મોટાભાગનું વિદેશી રોકાણ કમ્પ્યુટર સોફટવેર અને હાર્ડવેર ક્ષેત્રમાં ૯૪% ટકા જેટલું આવ્યું છે. આ ક્ષેત્રમાં દેશમાં આવેલા કુલ રોકાણમાં એકલા ગુજરાતનો હિસ્સો જ ૭૮ % છે. આ ક્ષેત્રે આવેલા એફ.ડી.આઈ.માં ગુજરાત પછીના ક્રમે રહેલા રાજ્યોમાં કર્ણાટક માત્ર ૯ ટકા અને દિલ્હી પાંચ ટકા હિસ્સો ધરાવે છે.

નાણાંકિય વર્ષ ૨૦૨૦-૨૧માં ૩૭ ટકા વિદેશી રોકાણ સાથે ગુજરાત સમગ્ર દેશમાં અગ્રિમ છે ત્યારબાદના ક્રમે રહેલા મહારાષ્ટ્રમાં ૨૭ ટકા અને કર્ણાટક ૧૩ ટકા વિદેશી રોકાણ આવ્યું છે એટલે કે ગુજરાત મહારાષ્ટ્ર કરતા ૧૦ % અને કર્ણાટક કરતા ૨૪% વધું વિદેશી મુડી રોકાણ સાથે રાજ્ય સરકારની ઈન્ડસ્ટ્રી ફ્રેન્ડલી ટ્રાન્સપેરેન્ટ પોલીસી તથા વિવિધ ઈન્સેન્ટીવ્સના પરિણામે દેશ વિદેશના ઉદ્યોગકારો માટે બેસ્ટ ચોઈસ ફોર ઈન્વેસ્ટમેન્ટ બન્યું છે.

મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ પારદર્શી અને સ્વચ્છ પ્રશાસન સાથે રાજ્યમાં ઊદ્યોગોને વધુ પ્રમાણમાં પ્રેરિત કરવા ઈઝ ઓફ ડૂઈંગ બિઝનેસનો જે વ્યાપ વિસ્તાર્યો છે. ઈન્ડસ્ટ્રી પોલિસી ૨.૦ માં ઊદ્યોગોને વ્યાપક પ્રોત્સાહન આપ્યું છે તેની ફલશ્રુતિએ કોરોના સંક્રમણના આ કપરા વર્ષો દરમિયાન પણ રાજ્યમાં આવેલા એફ.ડી.આઈ.માં માતબર વધારો થયો છે.

## અમે જ્યારે પણ જોઈએ ત્યારે બધા સ્લોટ બુક જ દેખાય છે..!!!

ગાંધીનગર, તા. ૨૪

જ્યારથી સરકાર દ્વારા ૧૮ થી ૪૪ વર્ષના નાગરિકોને વેક્સિન આપવાની જાહેરાત કરવામાં આવી છે ત્યારથી શહેરમાં વેક્સિન લેવા માટે જાણે હોડ જામી છે અને બીજી તરફ વેક્સિનનો સ્ટોક ઓછો આવતો હોવાથી ઓનલાઈન રજીસ્ટ્રેશન ક્યારે શરૂ થાય છે અને ક્યારે બધા સ્લોટ બુક થઈ જાય છે તેજ ખબર પડતી નથી. શહેરના પરિવારોમાં પોતાના યુવા બાળકોને રસી અપાવવા તાલાવેલી લાગેલી છે પરંતુ મોટા ભાગના પરિવારોમાં 'સ્લોટ ખુલતાં જ નથી' તેવી ફરિયાદ જોવા મળી રહી છે અને દિવસમાં અસંખ્યવાર રજીસ્ટ્રેશન માટે સાઈટ ખોલીને પ્રયાસ કરી કરી નિરાશા મેળવી રહ્યાં છે.

હવે ૧૮ થી ૪૪ વર્ષના નાગરિકોને સ્પોટ રજીસ્ટ્રેશનથી પણ વેક્સિન મળશે તેવી ફેલાયેલી અફવાથી ક્ષણિક આનંદિત બનેલા શહેરના પરિવારોમાં આ અફવા હોવાનો ખુલાસો મળતાં ફરી નિરાશા વ્યાપી છે કેમકે સરકાર દ્વારા જે ઓનલાઈન રજીસ્ટ્રેશન કરીને એપોઈન્ટમેન્ટ લેવાની સીસ્ટમ ફરજિયાત કરી છે તેમાં પ્રયાસો કરીને થાકી જવા છતાં બધા સ્લોટ બુક થઈ ગયેલા જ જોવા મળે છે તેવી ફરિયાદો એકબીજીને કરતા નાગરિકો જોવા મળી રહ્યાં છે. કોઈ કહે છે કે સવારે સ્લોટ ખુલે છે તો કોઈ કહે છે બપોરે, કોઈ કહે છે સાંજે ખુલે છે તો કોઈ રાત્રે પ્રયાસ કરવા સલાહ આપે છે પરંતુ મોટા ભાગના નાગરિકોની એક જ સમસ્યા છે કે ''અમે જ્યારે પણ ટ્રાય કરીએ છીએ ત્યારે બધો સ્ટોક બુક થઈ ગયેલો જ દેખાડે છે અને નવી તારીખ માટે બુકીંગ ક્યારે ખુલે છે ને ક્યારે ફુલ થઈ જાય છે તે ખબર જ નથી પડતી.

## સગીરાનુ અપહરણ કરી શારિરીક સબંધ બાંધવાના ગુન્હામાં આરોપીને ૧૦ વર્ષની કેદ

ગાંધીનગર તા ૨૪

દહેગામમાં ભોગ બનનાર સગીરાના કેસમાં ગાંધીનગર કોર્ટે આરોપીને ૧૦ વર્ષની સખત કેદની સજા ભોગવવા આદેશ કર્યો છે. આ કેસની પ્રાપ્ય વિગત અનુસાર તા ૨૩ નવેમ્બર વર્ષ ૨૦૧૪ ના રોજ દહેગામમાં રામેશ્વર સોસાયટીની બાજુમાં રહેતા ફરિયાદીની ૧૫ વર્ષીય દીકરીને આરોપી રાકેશ સોનાજી સોલંકી કાયદેસરના વાલીપણામાંથી લલચાવી ફોસલાવી લઈ ભગાડી ગયો હતો. આરોપી સગીરાને પંચમહાલમાં ડેરોલમાં સગીરાને લઈ ગયો હતો. આ દરમિયાન તેણે સગીરા સાથે શારિરીક સંબંધ બાંધી ગુન્હો કર્યો હતો. આ અંગે નોંધાયેલી ફરિયાદ અનુસંધાને ગાંધીનગરની પોસ્કો કોર્ટમાં કેસ ચાલી જતા સરકારી વકીલ તરીકે સુનિલ પંડયાએ દલીલો કરી હતી જે દલીલોન ધ્યાને લઈ અધિક સેસન્સ જજ કે એમ સોજીત્રાએ આરોપીને ૧૦ વર્ષની સખત કેદની સજા તેમજ રૂ ૮ હજારનો દંડ ભોગવવા આદેશ કર્યો છે.

## સોગંદનામું

આથી નીચે સહી કરનાર પ્રવિણભાઈ ભોગીલાલ પંડ્યા ઉ. પુખ્ત, રહે. જી એફ-૨-૩, હરીનગર, વાવોલ, ગાંધીનગરના તે મારા ધર્મના સોગંદ પર જાહેર કરું છું કે,

અમો સાગંદનામું કરનાર ઉપરના સરનામે રહીએ છીએ. મારે કુટુંબમાં મારા પત્ની ઉપરાંત સંતાન-૨ છે તે પૈકી એક પુત્રી પરિણિત છે. તે તેના સાસરે ખુશી છે. જ્યારે મારા બીજા સંતાન - પાર્થ પ્રવિણભાઈ પંડ્યા ઉ. પુખ્ત, હિન્દુ જેઓ મારી જ સાથે રહેતા હતા પરંતુ તેઓ તા. ૧૭/૫/૨૦૨૧ના રોજથી મારાથી અલગ સ્વતંત્ર રહેવા સારું પોતાની મરજીથી ઘર છોડી જતા રહેલ છે. તેઓ મારા કહ્યામાં નથી તેથી તેમના જવાથી અમોએ અમારી તમામ માલ મિલકત સંપતિ, બેન્ક ખાતા વગેરેમાંથી તેમને બે દખલ કરેલ છે. આમ મારી કોઈપણ સ્થાવર જંગમ મિલકતમાં મારા આ પુત્રનો કોઈ જ હક્ક રહેશે નહીં. તે પોતાની રીતે જીવન જીવવા હક્કદાર છે. તેમા મને કોઈ વાંધો નથી. વધુમાં મારા આ પુત્ર તેમની મરજીથી અલગ રહેતો હોવાથી તેની કોઈપણ કાર્યવાહી કરે તેમાં મારી કોઈ જ આર્થિક, સામાજિક જવાબદારી રહેશે નહીં. આવી તમામ જવાબદારી મારી નહી રહે મારા પુત્રની રહેશે. આથી મારા આ પુત્ર સાથે કોઈ જાતના કોઈ નાણાંકીય વ્યવહાર, સામાજીક વ્યવહાર કરવા કરાવવા નહી તેવી કોઈપણ જવાબદારી મારી રહેશે નહીં.

ઉપરની વિગત સાચી છે. ખોટુ સોગંદનામું કરવું ગુનો બને થે તેની જાણ છે.

**તા. ૨૪/૫/૨૦૨૧** **સહી/-**
**ગાંધીનગર** **પંડ્યા પ્રવિણભાઈ ભોગીલાલ**

## જાહેર નિવિદા (બીજો પ્રયત્ન) મારૂતી એસ્ટીમ વેચવા બાબત

સામાન્ય વહીવટ વિભાગ/ચૂંટણી પ્રભાગનું વાહન મારૂતી એસ્ટીમ નંબર જીજે-૧૮-જી-૨૧૨૧ (પેટ્રોલ) ખરીદીનું વર્ષ-૨૦૦૭ તળિયાની કિંમત રૂ. ૨૫,૦૦૦/- (૧) વાહન તારીખ : ૨૫/૫/૨૦૨૧ થી ૩૧/૪/૨૦૨૧ સુધી સામાન્ય વહીવટ વિભાગ/ચૂંટણી પ્રભાગ, બ્લોક નંબર ૭/બીજો માળ, સચિવાલય, ગાંધીનગરનો રૂબરૂ સંપર્ક કરીને બ્લોક નંબર-૭ની સામેના પાર્કીંગમાં જોઈ શકાશે. (૨) આ અંગેના ભાવો સીલબંધ કવરમાં સરકારી કામકાજના દિવસોમાં ચૂંટણી પ્રભાગમાં તારીખ : ૩૧/૫/૨૦૨૧ના રોજ કચેરી સમય સુધી સ્વીકારવામાં આવશે. કવર ઉપર 'વાહન વેચાણના ભાવ' એમ સ્પષ્ટ રીતે લખવાનું રહેશે. (૩)સીલબંધ કવર તારીખ : ૧/૬/૨૦૨૧ના રોજ બપોરે ૧૨:૦૦ કલાકે ખોલવામાં આવશે. (૩) અપસેટ પ્રાઈઝથી ઓછી રકમના ભાવો ધ્યાને લેવામાં આવશે હીં. (૫) ખરીદના વ્યક્તિએ તમામ ટેક્ષ અલગથી ભરવાના રહેશે. (૬) વાહન વેચાણ અંગેની કે તે અંગેના ભાવ સ્વીકારવા અંગેની આખરી સત્તા સક્ષમ અધિકારીની રહેશે.

**જિતેન્દ્ર ખરાડી**
**સેક્શન અધિકારી**
**સામાન્ય વહીવટ વિભાગ**
**ગુજરાત સરકાર**

**માહિતી/૨૫૦/૨૧-૨૨**

## વાવાઝોડા દરમિયાન વન આરક્ષિત વિસ્તારમાં તુટેલી ફેન્સીંગ પણ હજુ યથાવત

**સેકટરોમાં અનેક ઠેકાણે ધરાશાયી થયેલા વૃક્ષો યથાવત : વનતંત્ર પાસે મેન પાવરનો પણ અભાવ : તુટેલી ફેન્સીંગના લીધે સેકટરવાસીઓ માટે નવી સમસ્યા**

ગાંધીનગર તા ૨૪

શહેરમાં વરસાદ અને વાવાઝોડાના લીધે સેકટરોમાં અનેક ઠેકાણે વૃક્ષો ધરાશાયી થઈગયા હતા જયારે હાલ પણ સેકટરોમાં જમીનદોસ્ત થયેલા વૃક્ષો ઘણાં ઠેકાણે હાલ પણ ઘણાં ઠેકાણે જમીનદોસ્ત થયેલા વૃક્ષો યથાવત સ્થિતિમાં છે. ત્યારે સેકટરવાસીઓ સતત વૃક્ષો દુર કરવા વનતંત્ર સમક્ષ રજુઆત કરી રહ્યા છે. આવા સંજોગોમાં અપુરતા મેન પાવર અલબત્ત મજુરો વચ્ચે



કાર્યરત વનતંત્ર પણ સેકટરામાં વૃક્ષો દુર કરવા માટે કામે લાગ્યુ છે. બીજીતરફ વરસાદી વાવાઝોડાના લીધે સેકટરોમાં હાલ ભયજનક વૃક્ષોની સંખ્યા પણ વિશેષ છે. અગાઉ પણ તંત્ર દ્વારા આ પ્રકારના વૃક્ષો દુર કરવા માટે ઝુંબેશ હાથ ધરવામાં આવી હતી જયારે હાલ ચોમાસુ માથે છે. ત્યારે જોખમી વૃક્ષો પણ ત્વરિત દુર કરવા માટે કામ હાથ ધરવામાં આવે તેવી માંગણી પણ સ્થાનિકોમાં ઉઠવા પામી છે. વાવાઝોડાના લીધે શહેરના મુખ્યમાર્ગો તેમજ સેકટરોમાં સર્કલ ટુ સર્કલ વચ્ચેના માર્ગ આસપાસ વન આરક્ષિત જગ્યાને અનુલક્ષી ઉભી કરવામાં આવેલી ફેન્સીંગ પણ તુટી ગઈ છે. ફેન્સીંગના સિમેન્ટના થાંભલા પડી ગયા છે. જેના લીધે વન આરક્ષિત જગ્યા ખુલ્લી થઈ ગઈ છે. શહેરના ઘ-૨ થી ચ-૨ તરફના માર્ગ પર આસપાસના વિસ્તારમાં પણ આ પ્રકારે ફેન્સીંગ તુટેલી જોવા મળી રહી છે. વન આરક્ષિત વિસ્તારમાં આમ પણ અવારનવાર દબાણો તેમજ ગંદકીની સમસ્યા ઉભી થતી હોવાની ફરિયાદો પણ ઉઠવા પામે છે. વન આરક્ષિત વિસ્તારની ફેન્સીંગમાં વારંવાર ગાબડા પડવાના લીધે આસપાસ રહેતા સ્થાનિકો પણ પરેશાન થાય છે. જેના લીધે શ્રમિકો સહીત રખડતા ઢોર પણ વન આરક્ષિત વિસ્તારમાં અડ્ડો જમાવે છે. ફેન્સીંગ તુટી ગયા બાદ ત્વરિત તેને યોગ્ય કરવામાં આવે તેવી પણ માંગણી સ્થાનિકો કરી રહ્યા છે. શહેરના મોટાભાગના વિસ્તારમાં વન આરક્ષિત વિસ્તારને અનુલક્ષી નિર્માણ કરાયેલી ફેન્સીંગ તુટેલી હાલતમાં જોવા મળી રહી છે.

યથાવત છે. વૃક્ષોની સાથે સકટરોમાં વન આરક્ષિત વિસ્તારને અનુલક્ષી નિર્માણ કરાયેલી ફેન્સીંગ પણ તુટી ગઈ છે. જેના લીધે રહેણાંક વિસ્તાર નજીક વન આરક્ષિત વિસ્તારમાં રખડતા ઢોર અને ગંદકીની સમસ્યા પણ પેચીદી બની રહી છે.

શહેરમાં વાવાઝોડા અને વરસાદ દરમિયાન અનેક ઠેકાણે વૃક્ષો ધરાશાયી થયા છે. સેકટરોમાં

## ૫૮ વર્ષીય ઈલાબેન પંચલોથિયાએ જયપુર ઘરાના કથ્થકમાં વિશારદની પદવી મેળવી

ગાંધીનગર, તા. ૨૪

વિદ્યા મેળવવાને અને ઉંમરને કંઈ જ સંબંધ નથી. વિદ્યા મેળવવા આતુરને સુખ અને નિંદ્રાની પણ ચિંતા હોતી નથી. આ વાક્યો સુભાષિત નહિ પણ ગાંધીનગરની એક ૫૮ વર્ષીય ગૃહીણીએ સિદ્ધ કરી બતાવી છે.

ગાંધીનગરના સે. ૨૭માં રહેતી સિવિલ ઈજનેર તરીકેની ફરજો બજાવ્યા બાદ નિવૃત્તિના સમયમાં પોતાનાના સેવેલા એ સ્વપ્નાને સાકાર કર્યુ છે.

આમ તો આ મહિલાને સંગીત શીખવાની બહુ ઈચ્છા હતી પણ થોડોક સમય નિયમિત રીતે ફાળવ્યા પછી લાંબો વિરામ થતાં તે શોખ પડતો મુક્યો હતો.

૧૯૮૮ માં સંસાર યાત્રા શરૂ કરી ત્યારે તેમણે સંગીત અને નૃત્ય શીખવાની ઈચ્છાઓ સાસુમા સમક્ષ વ્યક્ત કરી હતી. સાસુમાએ પણ તેમની ઈચ્છાઓની પૂર્તિમાં જરૂરી સહયોગ આપવાની ખાત્રી આપી હતી. શ્રીમતિ ઈલાબેનને બે દિકરા છે અને બન્ને કોમ્પ્યુટર ઈજનેર થયેલા છે. એક દિકરો ઓસ્ટ્રેલિયા અને બીજો દિકરો અમેરિકામાં સ્થાયી થયેલો છે.

ઈલાબેને સંગીતનો શોખ અધુરો છોડ્યો પણ નૃત્યાંગના થવાની તેમની ધગશને તેમણે જાળવી રાખી હતી. તેમણે અરવિંદ કેન્દ્રમાં આ માટે સંપર્ક કર્યો અને તેમની આ ધગશ જોઈ તેમના ગુરૂ શ્રીમતિ જયદીપા રાજ્યગુરૂ પણ પ્રભાવિત થયા હતા.

ગુરૂ-શિષ્યાની જોડી જામી હતી ત્યાં તેમને એક વર્ષ માટે વિદેશ જવાનુ થયુ પણ તેમણે આ માટેની રજા મેળવી. ૮ વર્ષનો કોર્ષ તેમણે સાત વર્ષમાં સંપન્ન કર્યો. તાજેતરમાં કથ્થક વિશારદનું પરિણામ આવ્યુ અને તેમાં અરવિંદ કેન્દ્રના ત્રણ વિદ્યાર્થી ઉત્તીર્ણ થયા છે.



ઈલાબેન પંચલોથિયાએ ગાંધીનગર સમાચારને જણાવ્યું હતુ કે સાસુએ મને શ્રદ્ધા અડગ રાખી આગળ વધવા માટેની પ્રેરણા પુરી પાડી હતી.

કથ્થકમાં જયપુર ઘરાનામાં તેમણે ૫૮ વર્ષે વિશારદ પ્રાપ્ત કરી એક અનોખી સિદ્ધિ મેળવી છે અને આ સિદ્ધિનો સાચો યશ સાસુ અને પતિ પ્રશાંતને જાય છે એમ કહેતાં તેમની ખુશીઓ છલકાઈ જાય છે.

આ શીખવામાં તેઓ રોજના ૩ થી ૫ કલાક જેટલો સમય ફાળવતા રહ્યા હતા. ક્યારેક ઘરમાં એકલા પણ કથ્થક કરતા હતા. કથ્થક નૃત્યોમાં નટરાજ સ્તુતિ સરસ્વતી વંદનાની મજા અનોખી છે તેમ તેમણે કહ્યુ જો કે મીરા નૃત્ય તેમની એક આગવી ઓળખ બની ઉભરી આવ્યુ હતુ એમ તેઓનુ માનવુ છે.

શ્રીમતિ ઈલાબેન હાલ તો સ્વૈચ્છીક નિવૃત્ત થઈ અને ગૃહકાર્યમાં વ્યસ્ત જરૂર થયા છે પણ તેમની નૃત્ય શીખવાની વાતને લઈ તેઓ આજે એટલા જ રોમાંચિત થઈ કહે છે કે મેં સેવેલુ સ્વપ્ન સાકાર થયુ છે. સ્વપ્ન સ્વપ્ન નહિ પણ વાસ્તવિક બની ગયુ છે. આજે પરિણામ જાહેર થયુ અને તેમાં હું ઉત્તીર્ણ થઈ છુ એનો મને વિશેષ આનંદ છે. માટે હવે સ્ટેજ શો કરવાનો છે તેનું આયોજન અને તૈયારીમાં મારો સમય જશે. જો કે પ્રેક્ટીસ પણ કરવામાં હજુય કોઈ આળસ નહિ કરૂ.

## માર્કેટ યાર્ડમાં ઘઉં, ચણા, બાજરી, એરંડાની બમ્પર આવક નોંધાઈ

ગાંધીનગર, તા. ૨૪

જિલ્લામાં માર્કેટ યાર્ડો શરૂ થઈ જતાં નવા પાકની આવક પણ બમ્પર થવા પામી છે. આજે માણસા માર્કેટ યાર્ડમાં ઘઉંના પાકની આવક ૧૩૦૦ બોરી જેટલી થઈ હતી. દહેગામ અને કલોલના માર્કેટ યાર્ડમાં પણ ઘઉંની આવક સારી થઈ હોવાના અહેવાલો છે.

મળેલા અહેવાલો મુજબ માણસા માર્કેટ યાર્ડમાં એરંડાની ૧૭૨૯ બોરી, જુવારની ૧૨૨૫ બોરી તથા ચણાની ૧૧૫ બોરી જેટલી આવક નોંધાઈ છે.

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
Jaquar experience bathing
DR.FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2015 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર.
મો. : ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com